જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૭/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૬૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૪૮ વ્યક્તિઓને ઝડપી, ૨૬૮ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૫૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૯ બિયર ટીન ૦૧ રીક્ષા અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૧,૩૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૯૬૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૯૬૯/૨૦૨૬**

કાઇમબ્રાંચઃ મુકેશભાઈ છોગાલાલ મહેતા (ઉ.વ.૫૭)(રહે, સફલ આમ્રકુંજ બંગ્લોઝ, ગોકુલધામ, સનાથલ) એ તા.૧૧/૦૭/૨૦૨૬ ના રોજ કાઇમબ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે જાન્યુઆરી/૨૦૧૫ થી તા.૨૫/૧૨/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧)દિનેશભાઈ સોહનલાલ પ્રજાપતી (રહે, ચંદ્રશીલા સોસાયટી, એકતા ટાવર પાસે, નારાયણનગર રોડ, પાલડી) અને (૨)વિપુલ પ્રજાપતી દાણીલીમડા) નાઓએ કેલીકો મીલ પાસે રામ રહીમના ટેકરા પાસે "શ્રીજી હેન્ડ પ્રોસેસ તથા "જય બજરંગ ટેક્ષ ફેબ " નામની કંપનીના ભાગીદાર/માલીક અને પ્રતિષ્ઠીત વેપારી હોવાની ઓળખ આપી તા. ૧૫/૦૩/૨૦૧૫ થી તા.૧૫/૧૧/૨૦૧૯ સુધીમાં ટેક્ષટાઈલ પ્રોસેસીંગ કેમીકલ્સનો માલ મુકેશભાઈ મહેતા પાસેથી મેળવી લઈ તે પેટે લેણા રૂપિયા ૩૪,૨૩,૫૨૬/– નું પેમેન્ટ નહી આપી તેમજ બીજી પેઢી "જય બજરંગ ટેક્ષ ફેબ" માં પણ તા.૨૫/૦૧/૨૦૨૧ થી તા.૨૫/૧૨/૨૦૨૧ સુધીમાં મેળવેલ માલના લેણા રૂપિયા ૧૦,૬૯,૧૩૯/– નુ પેમેન્ટ નહી આપી કુલ રૂપિયા ૪૪,૯૨,૬૬૫/– મતાનો માલ મેળવી લઈ અન્ય વેપારીઓને માલ વેચી નાંખી બાકી લેણા રૂપિયા નહી ચુકવી મુકેશભાઈ મહેતા સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.કે.ડીંડોર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૯૭૦/૨૦૨૬**

મેઘાણીનગરઃ મેઘાણીનગર ગુ.હા.બોર્ડના મકાનમાં રહેતા હર્ષદભાઈ પરમાર નાઓની ૧૬ વર્ષની પુત્રીએ અગમ્ય કારણસર તા.૧૧/૦૭/૨૦૨૬ સવારના ૯/૪૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.પટેલ ચલાવે છે.

નિકોલઃ પદમસિંઘ બચ્ચુસિંઘ પરિહાર (૩.વ.૫૦)(રહે.રોયલ રીજોઈસ, દાસ્તાન સર્કલ પાસે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૭/૨૦૨૬ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે કોઈ ઝેરી પ્રવાહી પી લેતા, સારવાર અર્થે તેમને અસારવા સિવિલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૦૭/૨૦૨૬ સવારના ૧૦/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.ચૌહાણ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી